અગ્રતા ક્રમ :- **૧૮**

વિભાગ -: ઉદ્યોગ અને ખાણ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક :૧૫/૪/૧૮૦૫

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

ગૃહમાં જવાબ આપવાની તારીખ : ૨૬.૦૨.૨૦૨૪

પ્રશ્નનું શિર્ષક :રાજ્યમાં પાઈલોટ ટ્રેનિંગ સેન્ટર

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર : શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ)

# અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| ૧ | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| ૨ | વિભાગે કરેલ જવાબ | |
| 3 | પ્રશ્નનું મુખ્ય હાર્દ | માન.ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન-૧ | રાજ્યમાં ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ કરવા સરાકર દ્વારા શુ પગલા લેવામાં આવેલ? | શ્રી કેયુરભાઇ રોકડીયા (સયાજીગંજ) |
| પેટા પ્રશ્ન-૨ | રાજ્યમાં કુલ કેટલા ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ કરવામાં આવેલ છે? તેમજ અત્યાર સુધીમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ દ્વારા પાયલટ ટ્રેનિંગ મેળવેલ છે? | શ્રી કેયુરભાઇ રોકડીયા (સયાજીગંજ) |
| પેટા પ્રશ્ન-3 | રાજ્યમાં ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ થવાથી રાજ્યને શો લાભ થશે? | શ્રી અરૂણસિંહ રણા (વાગરા) |
| પેટા પ્રશ્ન-૪ | ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ દ્વારા ટ્રેનીંગ માટે કેવા પ્રકારના વિમાનનો ઉપયોગ કરવામાં આવે છે ? તેમજ કયાકયા - કોર્સનો સમાવેશ થાય છે? તેની સમયમર્યાદા કેટલી હોય - છે? | શ્રી અરૂણસિંહ રણા (વાગરા) |
| પેટા પ્રશ્ન-૫ | રાજ્યમાં કઇ-કઇ જગ્યાએ કેટલા ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ આવેલ છે? | |
| પેટા પ્રશ્ન-૬ | પાયલટ લાયસન્સ મેળવ્યબાદ કોઇ પણ પ્રકારનું એરક્રાફ્ટ ફ્લાઇંગ કરી શકાય? | |
| | પૂરક નોંધ | |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ પ્ર/

ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/1805

વિષયઃ

રાજ્યમાં પાઈલોટ ટ્રેનિંગ સેન્ટર

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 19/01/2024 | તારીખ 20/02/2024 | 09/02/2024 |

*15/4/1805 શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ)

નાગરિક ઉડ્ડયન જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પાઈલોટ ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવા માટે કોઈ આયોજન હાથ ધરાયેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત આયોજન પેટે રાજ્યમાં ક્યા ક્યા સ્થળે આ પાયલોટ ટ્રેનિંગ સેન્ટર શરુ કરવામાં આવનાર છે, અને

(૩) રાજ્યમાં ફ્લાઈંગ તાલીમ સંસ્થાઓ ખોલવા માટે ઉત્તેજન આપવા સરકાર શું સહાય પૂરી પાડે છે?

----

મુખ્ય પેજ પર જાઓ

# વિભાગે કરેલ જવાબ

## 18

### રાજ્યમાં પાઈલોટ ટ્રેનિંગ સેન્ટર

***15/4/1805 શ્રી કેયુર નારાયણદાસ રોકડીયા** (સયાજીગંજ) **: માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પાઈલોટ ટ્રેનિંગ સેન્ટર શરુ કરવા માટે કોઈ આયોજન હાથ ધરાયેલ છે કે કેમ, | (૧) | હા,જી. |
| (૨) | જો હા, તો ઉકત આયોજન પેટે રાજ્યમા ક્યા ક્યા સ્થળે આ પાયલોટ ટ્રેનિંગ સેન્ટર શરુ કરવામા આવનાર છે, અને | (૨) | રાજ્યમાં મહેસાણા, અમરેલી અને અંક્લેશ્વર ખાતે પાયલોટ ટ્રેનિંગ સેન્ટર શરુ કરવામા આવનાર છે. |
| (૩) | રાજ્યમા ફ્લાઈંગ તાલિમ સંસ્થાઓ માટે ઉત્તેજન આપવા સરકાર શું સહાય પુરી પાડે છે? | (૩) | સરકારશ્રી હસ્તક આવેલ હવાઈપટ્ટીઓ ખાતે ટેન્ડર પધ્ધતિથી ૧૫૦૦ ચો.મી.ની જગ્યા ફાળવવામાં આવે છે. |

-------------------

મુખ્ય પેજ પર જાઓ

## પ્રશ્નનો મુખ્ય હાર્દ

- રાજ્ય સરકાર હસ્તકની અમરેલી, મહેસાણા, અંકલેશ્વર અને માંડવી હવાઇપટ્ટીઓનું સંચાલન અને નિભાવ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.
- રાજ્ય સરકારની હવાઇ પટ્ટીઓ ખાતે રાજ્યની વી.જી.એફ. યોજના દ્વારા રાજ્યની અંદર હવાઇસેવા પૂરી પાડવા સરકારશ્રી દ્વારા પ્રયત્નો કરાયા છે.
- જે ઉપરાંત રાજ્યની હવાઇ પટ્ટીઓ ખાતે રાજ્યના યુવાનોને ઉડ્ડયન સંબંધી તાલીમ મળી રહે તે હેતુથી એફ.ટી.ઓ. (ફ્લાઇગ ટ્રેનિંગ ઇન્સટીટ્યુટ) શરૂ કરવામાં આવેલ છે.
- રાજ્યમાં સૈ પ્રથમ ટેન્ડર પ્રક્રીયા મારફત મહેસાણા હવાઇપટ્ટી ખાતે મેસર્સ બ્લ્યુ-રે એવિએશનને ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ કરવા પરવાનગી આપવામાં આવેલ. જેમાં તેઓ દ્વારા પ્રાઇવેટ પાયલટ ટ્રેનીંગ અને કોમર્શિયલ પાયલટ ટ્રેનીંગની સુવિધા પૂરી પાડવામાં આવે છે.
- વર્ષ-૨૦૧૯થી અત્યાર સુધીમાં ૨૭૪ વિદ્યાર્થીઓ દ્વારા મહેસાણા હવાઇપટ્ટી ખાતે ચાલી રહેલ ફ્લાઇટ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટમાંથી પાયલટ ટ્રેનીંગ મેળવેલ છે. જે પૈકી ૧૨૭ વિદ્યાર્થીઓ દ્વારા કોમર્શિયલ પાયલટ લાયસન્સ મેળવેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા હાલમાં અમરેલી, મહેસાણા અને અંકલેશ્વર હવાઇપટ્ટી ખાતે પાયલટ ટ્રેનીંગ સેવા પૂરી પાડવા ટેન્ડર બહાર પાડવામાં આવેલ. જેમાં મહેસાણા હવાઇપટ્ટી ખાતે ૦૧ (એક), અમરેલી હવાઇપટ્ટી ખાતે ૦૨ (બે) અને અંકલેશ્વર હવાઇપટ્ટી ખાતે (૦૧) એક

સ્લોટ ફાળવવામાં આવેલ છે. જેથી ટૂંક સમયમાં ગુજરાત રાજ્યને નવા (૦૪) ચાર ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ થનાર છે. આમ સૈરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત એમ તમામ વિસ્તારને આવરી તાલીમ સંસ્થાઓ શરૂ કરવાનું આયોજન છે.

- પસંદગી પામેલ એજન્સીને હવાઇપટ્ટી ખાતે ૧૫૦૦ ચો.મી. જગ્યા હેંગર બાંધકામ માટે ફાળવવામાં આવે છે. તેમજ હવાઇપટ્ટી ખાતે ઉપલબ્ધ રન-વે, ટેક્ષી-વે, એપ્રન જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.
- વધુમાં એફ.ટી.ઓ. (ફ્લાઇગ ટ્રેનિંગ ઇન્સટીટ્યુટ) દ્વારા રાજ્ય સરકારને ભાડા રૂપે ૩૫ થી ૪૨ લાખ રૂપિયાની આવક પ્રાપ્ત થાય છે.
- ફ્લાઇંટ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યૂટ દ્વારા રાજ્યનાં વિદ્યાર્થીઓને રાજ્યની બહાર જવુ પડતુ નથી. તેઓને ગુજરાત રાજ્યમાં જ પ્રાઇવેટ પાયલટ ટ્રેનીંગ અને કોમર્શિયલ પાયલટ ટ્રેનીંગની સુવિધા મળી રહે છે.
- રાજ્યમાં ફલાઇટ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ કરવાથી રાજ્યના વિદ્યાર્થીઓને કરીયર માટે નવી લાઇન મળી રહેશે. તેમજ પાયલટ ટ્રેનીંગ માટે રાજ્યની બહાર જવુ નહી પડે. હાલમાં પાયલટની ઘણી અછત હોઇ, વિદ્યાર્થીઓને તરત જ માર્કેટમાં સરળતથી જોબ મેળવી શકશે.
- તેમજ જે જીલ્લામાં ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ કરાવામાં આવે, ત્યાં રોજગારી તકો મળી રહેશે, કેમ કે, ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ થવાથી ત્યા ગ્રાઉન્ડ હેન્ડલીંગ સ્ટાફ, ઓફીસ સ્ટાફ, મેઇન્ટેનન્સ સ્ટાફ વિગેરે અન્ય કર્મચારીઓની જરૂરીયાત રહેશે. જેથી રોજગારી મળવાની સંભાવના રહેલ છે.

હાલમાં રાજ્ય સરકાર દ્વારા ફલાઇટ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ કરવા બહાર પાડવામાં આવેલ ટેન્ડરની શરતો નીચે મુજબ છે.

- અત્રેથી એજન્સીને ૧૫૦૦ ચો.મી. જમીન ભાડાપટ્ટે ફાળવવામાં આવશે. જેમાં એજન્સી દ્વારા હેંગર બિલ્ડીંગ, પાર્કીંગ અને ઓફીસ બિલ્ડીંગ બાંધકમ કરવાનું રહેશે.
- એજન્સી દ્વારા ફ્લાઇટ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ કરવા ડાયરેકટર જનરલ સિવિલ એવિએશન,બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરીટી અને એરપોર્ટ્સ ઓથોરીટી ઓફ ઇન્ડીયા પાસેથી મંજૂરી મેળવવાનું રહેશે.
- તેમજ સદર ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ ડાયરેકટર જનરલ સિવિલ એવિએશનનાં નીતી- નિયમો મુજબ ચલાવવાનું રહેશે.
- ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ માટે જરૂરી સેફ્ટી ઇક્યુપમેન્ટ અને સ્ટાફની વ્યવસ્થા એજન્સી દ્વારા કરવાની રહેશે.
- એજન્સી દ્વારા ડાયરેકટર જનરલ સિવિલ એવિએશનના સિવિલ એવીએશન રીક્વાયમેન્ટ સેક્શન-7, રીસીસ-ડી, પાર્ટ-1 મુજબ લાયસન્સ મેળવવાનું રહે છે.

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૮

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૮૦૫

## પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ :

## શ્રી કેયુરભાઇ રોકડીયા (સયાજીગંજ)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૧ | રાજ્યમાં ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ કરવા સરકાર દ્વારા શુ પગલા લેવામાં આવેલ? |
| જવાબ | • રાજ્યમાં એવીએશન ક્ષેત્રે કુશળ માનવબળ મળી રહે તે માટે રાજ્ય સરકારનાં નાગરીક ઉડ્ડયનની કચેરી દ્વારા ટેન્ડર પ્રકિયા મારફતે એજન્સીની નિંમણુંક કરવામાં આવે છે.<br>• જેમાં નિમણૂંક થયેલ એજન્સીને હવાઇપટ્ટી ખાતે ૧૫૦૦ ચો.મી. જગ્યા હેંગર બાંધકામ માટે ફાળવવામાં આવે છે. તેમજ હવાઇપટ્ટી ખાતે ઉપલબ્ધ રનવે, ટેક્ષી-વે, એપ્રન જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.<br>• હાલમાં મહેસાણા હવાઇપટ્ટી ખાતે મેસર્સ બ્લ્યુ-રે એવિએશન દ્વારા પાયલટ તાલીમ આપવામાં આવી રહેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૮

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૮૦૫

## પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ :

## શ્રી કેયુરભાઇ રોકડીયા (સયાજીગંજ)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૨ | રાજ્યમાં કુલ કેટલા ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ કરવામાં આવેલ છે? તેમજ અત્યાર સુધીમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ દ્વારા પાયલટ ટ્રેનિંગ મેળવેલ છે? |
| જવાબ | • હાલમાં રાજ્યમાં મહેસાણા હવાઇપટ્ટી ખાતે મેસર્સ બ્લ્યુ-રે એવિએશન દ્વારા ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ દ્વારા પાયલટ ટ્રેનીંગ ચાલાવી રહેલ છે.<br>• તેમજ ગુજરાત સરકાર દ્વારા હાલમાં અમરેલી, મહેસાણા, માંડવી અને અંકલેશ્વર હવાઇપટ્ટી ખાતે પાયલટ ટ્રેનીંગ સેવા પૂરી પાડવા ઓનલાઇન ટેન્ડર બહાર પાડવામાં આવેલ. જેમાં મહેસાણા હવાઇપટ્ટી ખાતે ૦૧ (એક), અમરેલી હવાઇપટ્ટી ખાતે ૦૨ (બે) અને અંકલેશ્વર હવાઇપટ્ટી ખાતે (૦૧) એક સ્લોટ ફાળવવામાં આવેલ છે. જેથી ભવિષ્યમાં રાજ્યમાં નવા ચાર ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ કરવામાં આવનાર છે.<br>• વર્ષ-૨૦૧૯થી અત્યાર સુધીમાં ૨૭૪ વિદ્યાર્થીઓ દ્વારા મહેસાણા હવાઇપટ્ટી ખાતે ચાલી રહેલ ફ્લાઇટ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટમાંથી પાયલટ ટ્રેનીંગ મેળવેલ છે. જે પૈકી ૧૨૭ વિદ્યાર્થીઓ દ્વારા કોમર્શિયલ પાયલટ લાયસન્સ મેળવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૮

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૮૦૫

## પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ :

## શ્રી અરૂણસિંહ રણા (વાગરા)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન 3 | રાજ્યમાં ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ થવાથી રાજ્યને શો લાભ થશે? |
| જવાબ | • ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ થવાથી રાજ્યનાં વિદ્યાર્થીઓને રાજ્યની બહાર જવુ પડતુ નથી. તેઓને ગુજરાત રાજ્યમાં જ પ્રાઇવેટ પાયલટ ટ્રેનીંગ અને કોમર્શિયલ પાયલટ ટ્રેનીંગની સુવિધા મળી રહે છે.<br>• તેમજ એવિએશન ક્ષેત્રમાં પાયલટોની ઉદ્દભવેલ અછતને પહોચી શકાશે.<br>• તેમજ રાજયમાં એવિએશન ક્ષેત્રે લોકોમાં જાગૃતતા વધશે.<br>• રાજ્યમાં ફ્લાઇટ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ થતા સંબધિંત વિસ્તારનાં લોકો માટે રોજગારીની નવીન તકોનું સર્જન થશે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૮

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૮૦૫

### પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ :

### શ્રી અરૂણસિંહ રણા (વાગરા)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૪ | ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ દ્વારા ટ્રેનીંગ માટે કેવા પ્રકારના વિમાનનો ઉપયોગ કરવામાં આવે છે ? તેમજ કયા-કયા કોર્સનો સમાવેશ થાય છે ? તેની સમય-મર્યાદા કેટલી હોય છે ? |
| જવાબ | • પાયલટ ટ્રેનીંગ માટે ઇન્સ્ટીટ્યુટ દ્વારા બે અને ચાર સીટર વાળા વિમાનનો ઉપયોગ કરવામાં આવે છે.<br>• હાલમાં મહેસાણા હવાઇપટ્ટી ખાતે ચાલી રહેલ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ દ્વારા પ્રાઇવેટ પાયલટ લાયસન્સ અને કોમર્શિયલ પાયલોટ લાયસન્સ તાલીમ પૂરી પાડવામાં આવ છે.<br>• તેમજ પ્રાઇવેટ પાયલટ લાયસન્સ મેળવવા ૬ મહિનાનો સમય લાગે છે અને કોમર્શિયલ પાયલોટ લાયસન્સ માટે ૧૮ મહિનાનો સમય લાગે છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૮

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૮૦૫

## વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્નઃ રાજ્યમાં પાયલટ ટ્રેનીગ સેન્ટર

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૫ | રાજ્યમાં કઇ-કઇ જગ્યાએ કેટલા ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ આવેલ છે ? |
| જવાબ | • રાજ્યમાં હાલમાં વડોદરા એરપોર્ટ, ભાવનગર એરપોટ અને મહેસાણા એરસ્ટ્રીપ ખાતે ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ કાર્યરત છે.<br>• જેમાં ભાવનગર એરપોર્ટ ખાતે મેસર્સ ડ્યુન્સ એવિએશન દ્વારા ફ્લાઇંગ ટ્રેનીગ ઇન્સ્ટીટ્યુટ ચલાવવામાં આવી રહેલ છે.<br>• વડોદરા એરપોર્ટ ખાતે મેસર્સ ગુજરાત ફ્લાઇગ ક્લબ દ્વારા ફ્લાઇંગ ટ્રેનીગ ઇન્સ્ટીટ્યુટ ચલાવવામાં આવી રહેલ છે.<br>• મહેસાણા એરસ્ટ્રીપ ખાતે મેસર્સ બ્લ્યુ-રે એવિએશન દ્વારા ફ્લાઇંગ ટ્રેનીગ ઇન્સ્ટીટ્યુટ ચલાવવામાં આવી રહેલ છે.<br>• આમ, ગુજરાત રાજ્યમાં હાલ કુલ ત્રણ (03) ફ્લાઇંગ ટ્રેનીગ ઇન્સ્ટીટ્યુટ ચાલી રહેલ છે.<br>• તેમજ ટૂંક સમયમાં ગુજરાત રાજ્યમાં મહેસાણા હવાઇપટ્ટી ખાતે ૦૧ (એક), અમરેલી હવાઇપટ્ટી ખાતે ૦૨ (બે) અને અંકલેશ્વર હવાઇપટ્ટી ખાતે (૦૧) એક એમ કુલ (૦૪) ચાર નવા ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ થનાર છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૧૮

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૮૦૫

## વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન: રાજ્યમાં પાયલટ ટ્રેનીગ સેન્ટર

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૬ | પાયલટ લાયસન્સ મેળવ્યબાદ કોઇ પણ પ્રકારનું એરક્રાફ્ટ ફ્લાઇંગ કરી શકાય? |
| જવાબ | • પાયલટ લાયસન્સ મેળવ્યાબાદ પાયલટ દ્વારા જે એરક્રાફ્ટ ફ્લાઇંગ કરવા માંગતા હોઇ, તેના માટે ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશનનાં નીતી-નિયમો મુજબ જે-તે એરક્રાફ્ટ માટે સિમ્યુલેટર ટ્રેનીંગ તથા તેજ એરક્રાફ્ટ પર નિયત નક્કી કરેલ કલાક ફ્લાઇંગ કરવુ પડે છે. ત્યારબાદ એરક્રાફ્ટ ફ્લાઇંગ કરી શકે છે. |

મુખ્ય પેજ પર જાઓ

## પુરક નોંધ

હાલમાં રાજ્ય સરકાર હસ્તક મહેસાણા, અમરેલી અને માંડવી ઓપરેશન હવાઇપટ્ટી આવેલ છે. તેમજ અંકલેશ્વર ખાતે હવાઇપટ્ટી વિકસવવાની કામગીરી ચાલી રહેલ છે. જેનાં પ્રથમ તબક્કાની કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે.

(૧) મહેસાણા એરસ્ટ્રીપ ખાતે વર્ષ ૨૦૦૭થી ફ્લાઇંગ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ ચલાવવામાં આવી રહેલ છે. હાલમાં મહેસાણા એરસ્ટ્રીપ ખાતે મેસર્સ બ્લ્યુ રે એવિયેશન દ્વારા ફલાઇંગ ટ્રેનિંગ આપવામા આવી રહેલ છે. જેમાં કોમર્શિયલ અને પ્રાઇવેટ પાયલટ લાયસન્સની ટેર્નીંગ પૂરી પાડવામાં આવે છે.

(૨) અમરેલી એરસ્ટ્રીપ ખાતે મેસર્સ વિઝન દિવ્યાંગ ફાઉન્ડેશનને ફલાઇંગ ટ્રેનિંગની કામગીરી સોંપવામાં આવેલ છે. જેમા તેઓ દ્વારા હાલ ઓફિસ બિલ્ડીંગ અને હેંગર બાંધકામની કામગીરી કરવામાં આવી રહેલ છે. જે ટૂંક સમયમાં શરૂ થનાર છે.

- અત્રેથી હાલમા મહેસાણા, અમરેલી અને અંક્લેશ્વર એરસ્ટ્રીપ ખાતે ફલાઇંગ ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટ શરૂ કરવા માટે કુલ ૪(ચાર) સ્લોટ માટે ટેન્ડર બહાર પાડવામા આવેલ. જેમા મહેસાણા એરસ્ટ્રીપ ખાતે-૧ સ્લોટ, અમરેલી એરસ્ટ્રીપ ખાતે-૨ સ્લોટ અને અંક્લેશ્વર એરસ્ટ્રીપ ખાતે-૧ સ્લોટ રાખવામા આવેલ.
- તા.૩૦/૦૧/૨૦૨૪નાં રોજ સદર ટેન્ડરનું ફાયનાન્સિયલ બીડ ઓપન કરવામાં આવેલ. જેમાં નીચે મુજબની એજન્સીઓને H1 આવેલ છે.

(૧) મેસર્સ ગુજરાત ફ્લાઇંગ કલબ : એક સ્લોટ મહેસાણા એરસ્ટ્રીપ
(૨) મેસર્સ ગુજરાત ફ્લાઇંગ કલબ : એક સ્લોટ અમરેલી એરસ્ટ્રીપ
(૩) મેસર્સ એરોફેયર : એક સ્લોટ અમરેલી એરસ્ટ્રીપ
(૪) મેસર્સ જી.આઇ.ટી.એમ. સ્કીલ્સ પ્રા. લી. : એક સ્લોટ અંકલેશ્વર એરસ્ટ્રીપ

- ઉક્ત એજન્સીઓને કામગીરી સોંપવા સરકારશ્રીની મંજૂરી મેળવવાની કામગીરી ચાલી રહેલ છે.

મુખ્ય પેજ પર જાઓ